સામાન્ય નાગરિક માટે એક EVM (યાને વોટીંગ મશીન) મચેડવું અઘરું છે પણ

'મોટા માથાઓ' માટે હજારો EVM મચેડવા સહેલા છે !!

EVM (યાને વોટીંગ મશીન) માં એવી સર્કીટ મૂકી શકાય છે, કે ૧૦૦ મીટર દુરથી, રિમોટ-કંટ્રોલથી, હજારો EVMના વોટો માત્ર ૧ સેકંડમાં બદલી શકાય !!
ઉપાય : દ૫ ઉમેદવારો ઉભા રાખવા, જેથી કાગળ-બેલેટ વાપરવાની ફરજ પડે

(જાહેરાત) પ્રકાશક: **રાહુલ ચીમનભાઈ મહેતા,** B.Tech, Comp Sci, IIT Delhi; MS , Rutgers, USA; **રાઈટ ટુ રિકોલ પાર્ટી,** નારણપુરાના સંભવિત ઉમેદવાર

મેં rahulmehta.com/evm.htm પર હરિપ્રસાદ નામે એક ઈલેક્ટ્રોનીક્સ ઈજનેરે બનાવેલ યુટ્યુબ વીડીયો મુકેલ છે. વિડીયો અંગ્રેજીમાં છે, પણ જોવા માત્રથી સહુ સમજી શકશો. વિડીયોમાં બતાવ્યું છે કે EVM (યાને **વોટીંગ મશીન**) ના ડિસ્પ્લેની સર્કીટ કાઢી જુદી સર્કીટ ૫ મિનીટમાં મૂકી શકાય છે. આ નવી સર્કીટ રીમોટ-કંટ્રોલથી સિગ્નલ લઈ, ધારેલ ઉમેદવારને વધારે વોટ આપી અન્ય ઉમેદવારોના વોટ ઘટાડી શકે. હવે મતદાન પછી ૫૦૦ EVM કલેકટરની કચેરીમાં હોય છે. ત્યારે કોઈ વાન આવી, ૫૦ મીટર દુરથી રીમોટ કંટ્રોલથી તમામ ૫૦૦ EVMનાં વોટો માત્ર ૧ સેકંડમાં બદલી શકે !! **હવે આવી સર્કીટ હજારો EVMમાં કેવી રીતે મુકવી?** EVM બેંગ્લોરમાં બને છે. ગુજરાતમાં લાવતા **ટ્રકને બે દિવસ લાગે. તે દરમ્યાન સર્કીટ બદલી શકાય.** અથવા ફેકટરીના ગોડાઉનની ચાવી મળે, તો પણ ૧ દિવસમાં હજારો EVMમાં સર્કીટ બદલી શકાય. આ સર્કીટની વિગતો tinyurl.com/a4m4aha , rahulmehta.com/evm.htm પર છે. હજારો EVMમાં વોટો બદલવાની બીજી રીત પણ મેં ગોતી છે, જેમાં રીમોટ કન્ટ્રોલની પણ જરૂર નથી. **EVMની ચીપ અમેરિકામાં બની છે** – ભારતમાં નહિ. આ ચીપમાં અમુક પ્રકારનો પ્રોગ્રામ મૂકી, છેલ્લી મીનીટે ડમી ઉમેદવારો પાસે ફોર્મ પાછા ખેચાવી, ધારેલ ઉમેદવારને વધારે વોટ અપાવી શકાય. આ પ્રોગ્રામની વિગત મેં rahulmehta.com/evm1.pdf માં આપી છે. હવે તમામ ધારાસભા કરતા એક સંસદ-ચૂંટણી ૫૦ ગણી વધારે મહત્વની છે. આથી ધારાસભાની ચૂંટણીમાં મોટા માથાઓ ઈવીએમ ન મચેડે. પણ સંસદ-ચૂંટણીમાં ચેડા થવાની શક્યતા છે.

હજારો EVMમાં એકસાથે વોટ બદલવા મોટા માથાઓ માટે અતિ સહેલા છે. એટલેજ જર્મની, આયર્લેન્ડએ EVM બંધ કર્યા. અને જાપાન, ઈંગ્લેન્ડમાં કાગળ-બેલેટ છે. અમેરિકામાં મતદાનમાં ૩૦-૪૦ પ્રશ્નો (જનમત યાને રેફેરેન્ડમ) હોવાથી EVMની જરૂર લાગેલ. છતાં અમેરિકામાં ૭૫ ટકા મતદારોએ કાગળપર વોટ આપેલ. MNC-માલિકોના દબાણથી ભારતના મોટા નેતાઓ અને નવા નેતાઓ (અન્ના, અરવિંદભાઈ વગેરે) આ માહિતીઓ નાગરિકોને નથી આપતા.

ઉપાયો: (૧)EVM ૬૪થી વધારે બટનો લઈ શકે તેમ નથી. આમ જો **મતદારો દ૫ ઉમેદવાર રાખે, તો ક્લેટરે કાગળ-બેલેટ વાપરવા પડશે.** તેલંગાનામાં ૨૦૧૦માં મતદારોએ ૭૦ ઉમેદવારો રાખી કાગળ-બેલેટ વાપરવા ફરજ પડેલ (૨)નાગરિકોએ ચૂંટણીપંચ પાસે એફિડેવિટ લેવી કે તે કાગળ-બેલેટ વપરાશે (૩)આ મુદ્દા પર કોર્ટમાં માત્ર સુબ્રમની સ્વામી જેવા ટાઈમપાસીઆઓ જાય. સાચ્ચા કર્મશીલોએ કોર્ટમાં ન જવું. તેઓએ દ૫ ઉમેદવાર રાખવા પ્રયત્નો કરવા

<u>અન્ય મહત્વના ચુંટણીના મુદ્દાઓ</u> – (૧)૨૦૦૮ પછીના સહુ ઉમેદવારોને વિનંતી કે **તેમના ટ્રસ્ટો, કંપનીઓમાં જે જમીનો છે, તે એફિડેવિટમાં કહે.** નાગરિકોએ, કર્મશીલોએ અને ચૂંટણીપંચે પણ આ માહિતી સહુ ઉમેદવારો પાસે માંગવી. અને જો કોઈ કર્મશીલ જમીનની આ માહિતી ન માંગે, તો સાબિત થશે કે તે કુબુદ્ધિજીવી છે અને અંદરખાનેથી નિકૃષ્ટ પૈસાદારોનો એજન્ટ છે. (૨)ચૂંટણીપંચે તમામ, અથવા જે ઉમેદવારો નાર્કો-ટેસ્ટની તૈયારી બતાવે, **તે ઉમેદવારોનો જાહેરમાં નાર્કો-ટેસ્ટ લેવો.** આથી પ્રજાને તેમના ઈરાદાઓની માહિતી મળશે. અને જે ઉમેદવાર નાર્કો-ટેસ્ટ નહી આપે, તેના બદઈરાદાઓ વગર નાર્કો-ટેસ્ટ ઉઘાડા પડશે.

વધુ મહિતી માટે rahulmehta.com, facebook.com\MehtaRahulC જુઓ. અથવા પોસ્ટકાર્ડથી F1/A, સુપથ-૨, જુના વાડજ, અમદાવાદ પર સરનામું મોકલો. સહુને આ એડ બતાવવા વિનંતી